

# વિઘ્નહર્તાની પૂજા સાથે "ગાંધીનગર સમાચાર"ના નવા અધ્યાયનો શુભારંભ











ગાંધીનગર, તા. ૧

પ્રાર્થના પ્રકાશન દ્વારા પ્રગટ થતું ગાંધીનગર સમાચાર દૈનિક હવે તા. ૦૧-૦૮-૨૦૨૩ થી જે.કે. વિઝન પ્રા.લિ. દ્વારા પ્રકાશીત થશે. આ નિમિત્તે વિઘ્નહર્તા ગણપતિ પૂજનની વિધિ રાખવામાં આવી હતી. તે પ્રસંગે જેમાં જે.કે. વિઝન પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેક્ટર કેતન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, અગ્રણી વડીલ દિનેશભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને અખબારના નવનિયુક્ત મેનેજીંગ તંત્રી મનોજ શુક્લ, વ્યવસ્થાપક મયુર પટેલ(બાબા) જોડાયા હતા.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર હિતેષ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશુભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ગુડા અધ્યક્ષ આશિષ દવે, શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, ભાજપ મહામંત્રી કનુભાઈ દેસાઈ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ, કોર્પોરેટર મહેન્દ્ર પટેલ-દાસ, જિજ્ઞેશ ઠક્કર, ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ નાજાભાઈ ધાંધર, રાધે સ્વિટના વિપુલ સુખડિયા, ગાંધીનગર અર્બન બેન્કના ડીરેકટર કાલીદાસભાઈ પટેલ, કોર્પોરેટર હેમાબેન ભટ્ટ, સંકેત પંચાસરા, અંકિત બારોટ, રૂષભભાઈ પટેલ (લાલી), જીગ્નેશ પટેલ, ગીરીશભાઈ પટેલ, ધવલભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, મનીષભાઈ પટેલ, ઉદયનભાઈ પટેલ, અમિતભાઈ દેસાઈ, નિલેશભાઈ પટેલ, કેપિટલ ઓફસેટના રમેશ પટેલ, મિડિયા અગ્રણી લક્ષ્મણ પટેલ, એડવોકેટ અશ્વિન ત્રિવેદી સહિત વિવિધ અગ્રણીઓ તથા મહાનુભાવોએ હાજરી આપી 'ગાંધીનગર સમાચાર'ની નવી સંચાલન ટીમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# આજથી જિલ્લાની શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે

## "મારી માટી, મારો દેશ" કાર્યક્રમ અંતર્ગત ગામેગામથી માટી એકત્ર કરીને દિલ્હી મોકલશે

ગાંધીનગર, તા. ૦૧

રાજ્યભરની શાળાઓમાં "મારી માટી, મારો દેશ" કાર્યક્રમ અંતર્ગત ગામે ગામથી માટી એકત્ર કરવાનું અભિયાન શરૂ થશે. આ એકત્રિત માટીને દિલ્હી ખાતે મોકલવામાં આવશે જ્યાં વિશેષ કાર્યક્રમ યોજાશે. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની દરેક શાળાઓમાં બુધવારથી વિવિધ સ્પર્ધાઓ અને પ્રભાતફેરી વગેરેનું આયોજન કરવામાં આવશે.

ગત વર્ષે જેમ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત "હર ઘર તિરંગા" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તે રીતે આ વર્ષે "મારી માટી, મારો દેશ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. "મારી માટી, મારો દેશ" કાર્યક્રમ થકી દેશના અબાલવૃદ્ધ સૌ કોઈમાં દેશદાઝની ભાવના વધે અને રાષ્ટ્ર ભાવના કેળવાય તેવો હેતુ છે.

આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની તમામ શાળાઓમાં ચિત્ર, રંગોળી, વકતૃત્વ, નિબંધ જેવી સ્પર્ધાઓ અને પ્રભાતફેરીનું આયોજન કરી તેના ફોટા- વિડીયોને અપલોડ કરવાની સુચના પણ તમામ શાળાઓના આચાર્યને આપવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં આ વિષયે વિવિધ સેમિનાર યોજવા ઉપરાંત તમામ બાળકો અને શિક્ષકોએને "પંચ પ્રણ" લેવાની સૂચના પણ આપવામાં આવી છે. શાળાઓમાં વિદ્યાર્થીઓ સહીત તેમના વાલીઓને પણ આ કાર્યક્રમમાં જોડવા માટે ખાસ નોંધ અને સાહિત્ય મોકલવામાં આવશે. આ ઉપરાંત દેશના વીર શહિદોને શ્રદ્ધાંજલિ આપવાનો તેમજ બહાદુર જવાનોને સન્માનવાનો કાર્યક્રમ યોજવાની તમામ શાળાઓને સૂચના પણ અગાઉથી આપી દેવામાં આવી છે.

# ગાંધીનગરમાં ક્ષત્રિયવીર મહારાજા શ્રી સામંતસિહજી બિહોલાની પ્રતિમા મુકાશે

## બિહોલા રાજપૂત સમાજની ચૌદમી વાર્ષિક સાધારણ સભામાં લેવાયો ઐતિહાસિક નિર્ણય

ગાંધીનગર, તા. ૦૧

ગાંધીનગરનું પાલજ એ બિહોલા રાજપૂત સમાજની મોટી વસ્તી ધરાવતું ગામ ગણાય છે. પાલજ ખાતે તા.૩૦મી જુલાઈ રવિવારે બપોરે ૩ કલાકે બિહોલા રાજપૂત સમાજની ચૌદમી વાષિક સાધારણ સભાનુ આયોજન કરવામાં આવ્યું હતું

જેને અનુલક્ષીને બિહોલા સમાજના પ્રમુખ પી.પી. બિહોલાએ જણાવ્યુ હતું કે સૌના પ્રેરણા સ્રોત, ક્ષત્રિયવીર શિરોમણી મહારાજા શ્રી સામંતસિહજી બિહોલાની પ્રતિમા બિહોલા સમાજની રાજધાની એવા પાલજ ખાતે મુકવાનો ઐતિહાસિક નિર્ણય બિહોલા રાજપૂત સમાજ ગુજરાત દ્વારા લેવામા આવ્યો છે, જે બિહોલા રાજપૂત સમાજ માટે ગૌરવની વાત છે.

આ પ્રસંગે પાલજ ગામના યુવા આગેવાન શૈલેન્દ્રસિંહ બિહોલા દ્વારા પાલજ ગામ વતી અભૂતપૂર્વ પ્રતિસાદ અને સહયોગની ખાત્રી આપવામાં આવી હતી. સમાજના ઉપ પ્રમુખ ભરતસિંહ બિહોલાએ કાર્યને સફળ બનાવવા માટે સ્મારક સમિતિની રચના કરવા અને પ્રતિમા સ્થાપિત કરવાના કાર્ય માટે એક મીટીંગનુ આયોજન પાલજ ગામ ખાતે આગામી તા.૦૬-૦૮-૨૦૨૩ ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ વાગે કરવામા આવ્યું છે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં સમાજના હોદ્દેદારઓ, કારોબારી સભ્યો, ગામે ગામથી વડીલો, યુવાનોને મોટી સંખ્યામા હાજર રહેવા સમાજના મહામંત્રી કરણસિંહ બિહોલાએ અપીલ કરી હતી.



આજે પણ અમદાવાદમા વિવિધ વિસ્તારમાં પડેલ વરસાદ

# અમદાવાદમાં બિલ્ડર સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો બનાવ

## બિલ્ડરે બીજા બિલ્ડરની સાથે સંબંધો વધતાં જ વેચાણ વિના પડી રહેલા ફ્લેટો વેચી આપવાની વાત કરીને સસ્તા ભાવે મેળવી લીધા

અમદાવાદ, તા.૧

અમદાવાદમાં બિલ્ડર સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. સાયન્સ સીટી વિસ્તારમાં રહેતા બિલ્ડરે સાથે ૩૪ કરોડ ૫૫ લાખની છેતરપિંડી થતાં આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રોપટી ખરીદવાના બહાને કરોડનો ચૂનો લગાવનાર કોણ છે?

આનંદ નગર પોલીસ સ્ટેશન કસ્ટડીમાં ઉભેલા ભેજાબાજ આરોપીનું નામ રાકેશ ભીખાભાઈ શાહ છે. આરોપી સેટેલાઈટ વિસ્તારમાં આવેલા રત્નાકર એવન્યુમાં રહે છે. આરોપી રાકેશ સાયન્સ સિટીમાં રહેતા ફરિયાદી બિલ્ડર અશોક ઠક્કરને બલ્કમાં પ્રોપર્ટી લેવાના બહાને વિશ્વાસમાં લઈને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના ગુનામાં આનંદનગર પોલીસે ધરપકડ કરી છે.

સમગ્ર ગુનાની વિગત વાર વાત કરીએ તો ફરિયાદી અશોક ઠક્કર અને આરોપી રાકેશ શાહનો ૨૦૨૧ માં બિઝનેસ મીટીંગમાં મળ્યા હતા. અમદાવાદ અને દુબઈમાં ટ્રેડિંગનો ખુબ મોટો બિઝનેસ હોવાનું કહી મોટી મોટી વાતો કરી હતી. ત્યારબાદ આરોપી રાકેશ એ ફરિયાદીનો સંપર્ક કરી અમદાવાદમાં વેચાણ થયા વગરની પડી રહેલી દુકાનો અને મકાનો બલ્ક લેવાનું કહી વિશ્વાસમાં લીધા હતા.

ફરિયાદી એ વાડજ ખાતે પડી રહેલા ૧૨ ફ્લેટ અને ૪ દુકાનો ફરિયાદીને બતાવી ડીલ ફાઈનલ કરી હતી પરંતુ બે વર્ષ બાદ પણ પૈસા ન આપી દુબઈ ખાતેની ૐ.જી.મ.ઝ બેંક માં ટેકનિકલ કારણ સર ૨૫૦ કરોડ ફ્રીઝ થઈ ગયા હોવાના બનાવતી પ્રૂફ બતાવી છેતરપિંડી આચરી ફરાર થઈ ગયો હતો.

જોકે આનંદ નગર પોલીસે ફરિયાદ ના આધારે આરોપીની ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

આરોપીની વધુ પૂછપરછ અને તપાસ કરતા આરોપી અગાઉ અમદાવાદ ગ્રામ્ય અનેક લોકો સાથે આ પ્રકારની છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે. જોકે હાલ તો પોલીસે ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના પ્રવાસન ક્ષેત્રમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ

# ઓખા-બેટ દ્વારકાના સિગ્નેચર બ્રીજની ૯૨ ટકા કામગીરી પૂર્ણ




દ્વારકા, તા.૧

રાજ્યના ઐતિહાસિક અને પ્રવાસનની દષ્ટિએ મહત્વપૂર્ણ કેન્દ્રોના વિકાસ માટે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અમલમાં મૂક્યા છે. તેમાંથી એક છે, ઓખાથી બેટદ્વારકાને જોડતો 'સિગ્નેચર બ્રીજ', જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે.

ઓખાથી બેટદ્વારકા જવા માટે અત્યારે ફેરીબોટની મદદથી જવું પડે છે, પરંતુ હવે ૯૭૮ કરોડના ખર્ચે આ 'સિગ્નેચર બ્રીજ' બનવા જઈ રહ્યો છે. ઓખાથી બેટદ્વારકા વચ્ચે ૨૩૨૦ મીટરની લંબાઈના આ બ્રીજનું નિર્માણ ચાલી રહ્યું છે, જેના માટે દરિયાઈ બાર્જ ક્રેનથી સમુદ્રમાં ૩૮ પિલર ઊભાં કરવામાં આવ્યાં છે. માર્ચ ૨૦૧૮માં કામગીરી શરૂ થઈ ત્યારથી આજ દિન સુધીમાં આ બ્રીજની ૯૨ ટકા ભૌતિક કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૨૩ના અંત સુધીમાં આ બ્રીજ પૂર્ણ થાય તેવી તૈયારી છે.

### વિશેષતાઓ

બ્રીજની લંબાઈ ૨૩૨૦ મીટર રહેશે, જેમા ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ રહેશે.

ઓખા અને બેટ દ્વારકા બન્ને બાજુ થઈ ૨૪૫૨ મીટર એપ્રોચ રોડ બનાવવામાં આવશે.

બ્રીજના મુખ્ય ગાળાની લંબાઈ ૫૦૦ મીટર છે જે ભારત દેશમા સૌથી વધુ લંબાઈ ધરાવતો ગાળો છે.

વાહનો પાર્ક કરવા ઓખા તરફ પાર્કિંગ બનાવામાં આવશે.

બ્રીજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઊંચાઈ ધરાવતા બે પાયલોન છે.આ ચાર માર્ગીય બ્રીજની પહોળાઈ ૨૭.૨૦ મીટર છે, જેમાં બન્ને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ બનાવવામાં આવશે.

ફૂટપાથ ઉપર લગાવેલ સોલાર પેનલ થી ૧ મેગાવોટ વિજળી નું ઉત્પાદન થશે, જેનો ઉપયોગ બ્રીજ પરની લાઈટીંગ માટે કરવામાં આવશે. વધારાની વીજળી ઓખા ગામની જરૂરિયાત માટે આપવામાં આવશે.

બ્રીજ પર કુલ ૧૨ લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુ ગેલેરીનું આયોજન કરવામાં આવેલ છે.

બ્રીજ પર રાત્રિ દરમ્યાન ડેકોરેટીવ લાયટીંગની વ્યવસ્થા કરવામાં આવશે

## ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છ મહિનાથી રાજકોટના સોની બજારમાં કારીગર તરીકે કામ કરતાં હતાં. તેમની પાસેથી એટીએસને પિસ્તોલ અને ૧૦ કારતૂસ મળી આવ્યાં છે. આ શખ્સો પશ્ચિમ બંગાળથી રાજકોટ આવ્યાં હતાં. તે ઉપરાંત તેઓ બાંગ્લાદેશમાંથી ભારતમાં પ્રવેશ્યા હોવાની પણ આશંકાઓ સેવાઈ રહી છે.

ત્રણ શખ્સોને ઝડપ્યા પહેલા ગુજરાત એટીએસ ગુપ્ત રાહે તપાસ પણ કરી રહી હતી અને ચોક્કસ બાતમી મળતા ત્રણેયને પકડીને અમદાવાદ લાવવાની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે રાજકોટના સોની બજારમાં ત્રણ લોકો આતંકી મોડ્યુલ માટે મદદ કરતા હતા. આ શખસો પાસે ગુજરાતમાં કે અન્ય જગ્યાએ અલકાયદાના સ્લીપર સેલને મદદ કરવા માટે જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે હવાલાથી પણ કોઈ ટ્રાન્જેક્શન કર્યા હોવાની વિગત ગુજરાત એટીએસને મળી છે. તેઓ કઈ જગ્યાએ આતંકી પ્રવૃત્તિ કરવાના હતા અથવા કોઈને મદદ કરી રહ્યા હતા તેની સઘન પૂછપરછ ચાલી રહી છે અને આરોપીઓને અન્ય કઈ જગ્યાએથી મદદ મળી હતી તે અંગે પણ માહિતી એકત્ર કરાઈ રહી છે.

આતંકીઓ મુસ્લિમ કારીગરોને ભારત વિરૂદ્ધ ભડકાવવાનું કામ કરતા હતા. છેલ્લા છ મહિનાથી રાજકોટમાં કારીગર બનીને રહેતા હતા. જોકે ગુજરાત એટીએસની સતર્કતાથી આતંકીઓનો પર્દાફાશ થયો હતો. બાંગ્લાદેશી આતંકીઓ પ.બંગાળથી રાજકોટ પહોંચ્યા હતા અને દેશમાં આતંકવાદના મૂળીયા નાંખવા માંગતા હતા.

પકડાયેલા આતંકીઓ અમન, તેનો સાળો અબ્દુલ સુકુર અને સૈફ નવાઝ તદન કટ્ટરપંથી છે. તેમની પાસેથી એક હથિયાર પણ મળી આવ્યું હતું. રાત્રે ૧૧.૪૫ કલાકે એટીએસે ત્રણેયને ઉપાડ્યા હતા. એટીએસની કામગીરીથી સ્થાનિકો પણ અજાણ હતા. પકડાયેલા ત્રણેય આંતકીને અલકાયદાના પ્રસારનું કામ સોંપવામાં આવ્યું હતું. સ્થાનિકોના કહેવા મુજબ સોની બજારમાં હજારોની સંખ્યામાં બંગાળી કારીગરો કામ કરે છે.

થોડા દિવસ પહેલા ગુજરાત એટીએસ દ્વારા પોરબંદરમાં સૌથી મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ગુજરાતમાંથી આઈએસઆઈએસના મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતું. પોરબંદરમાંથી ગુજરાત એટીએસ દ્વારા મહિલા સહિત ચાર લોકોને દબોચી લીધા હતા.